IITGnના પ્રોફેસરે એક વર્ષની મહેનત પછી બનાવી..

# ડિમેન્શિઅના અર્લી સ્ટેજમાં ઓળખી બતાવે તેવી સ્માર્ટ Mindeyetm એપ વિકસાવી

સામન્ય રીતે ડિમેન્શિઅ (ભૂલી જવાની બીમારી) એ ૬૦થી વધુ વયના લોકોમાં જોવા મળે છે. પરંતુ સ્ટ્રેસને કારણે યંગસ્ટર્સ પણ આનો શિકાર થાય છે. આજ કાલની ફાસ્ટ લાઇફમાં લોકોને પોતાના માટે પણ સમય હોતો નથી તેઓ ઓળખી શકતા નથી કે તેઓ ડિમેન્શિઅથી પીડાઇ રહ્યા છે. આઇ.આઇ.ટી. ગાંધીનગરના પ્રોફેસરે ડિમેન્શિઅના અરલી સાઇન્સને ઓળખી બતાવે તેવું ટૂલ્સ તૈયાર કરેલ છે. જેમાં માત્ર ૧૦ મિનિટમાં જ ડિમેન્શિઅના લક્ષણો તમે ધરાવો છો કે નહીં તે બતાવી દેશે. તેમજ તેમને કેટલાક સૂચનો કરશે જે તમને ડિમેન્શિઅમાંથી બહાર આવવા મદદ પણ કરશે. તેમણે આના માટે ખાસ એક એપ્લિકેશન પણ વિકસાવી છે.





## ડિમેન્શિઅ લેવલ ચેક કરાવવા ગુજરાતના લોકો તૈયાર નહતા

mindeyetm નામની એપ બનાવી છે. જે કોમ્પ્યૂટર સ્ક્રીન હશે તેમા કેમેરા ગોઠવવામાં આવ્યો છે જે આઇ ઇમેજને ઇન્ડિવિઝ્યુઅલ ટ્રેક કરશે. જેને માત્ર ૧૦ મિનિટ લાગશે ડિમેન્શિઅના લક્ષણો બતાવવામાં. વિવિધ આઇટ્રેકરના ટેસ્ટ બાદ કોસ્ટને કારણે તેને સ્થાને કેમેરો લગાવવામાં આવ્યો જે આઇટ્રેકર તરીકેનો જ કામ કરે છે. ઉપરાંત ગુજરાતમાં ડિમેન્શિઅ લેવલ ચેક કરાવવા તૈયાર નહતું જેથી આના માટે કલકત્તાના હોસ્પિટલ્સ, અને કોમ્યુનિકેશન સેન્ટર્સના લોકોનો સંપર્ક કરી ત્યાંથી ટેસ્ટ લીધો.

- પ્રો.ઉત્તમા લહેરી

## કમ્પ્યૂટર સ્ક્રીન પર માત્ર જોવાથી અર્લી સાઇન ખબર પડી જશે

ડિમેન્શિઅના શિકાર થયા છે કે નહીં એ જાણવા ઘણી ટેક્નિક અવેલેબલ છે. પરંતુ લોકોને વાંચતા કે લખતા ન આવડતું હોય તો એ પ્રશ્ન સોલ્વ નહીં થાય. એટલે માત્ર આંખોની મૂવમેન્ટ પરથી તમે ભવિષ્યમાં ડિમેન્શિઅનો શિકાર થવાના છો કે નહીં તે જણાવી દેશે. જો કે ઇન્ડિયામાં આના માટે આઇ ટ્રેકર પણ ઉપલબ્ધ છે આની કિંમત વધુ હોવાથી બધા વસાવી શકે તે શક્ય નથી.

## BIRAC દ્વારા ૭૫ લાખની ગ્રાન્ટ મળી

બાયોટેક્નોલોજી ઇન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ(BIRAC) તરફથી ઇન્ડસ્ટ્રી અને શૈક્ષણિક રિસર્ચ માટે રૂપિયા ૭૫ લાખની ગ્રાન્ટ આપવામાં આવી છે. તા૧૫મી સપ્ટેમ્બરના રોજ વેલિડેશન ટેસ્ટિંગ કરાશે.

## શું છે ડિમેન્સઅના લક્ષણો

ડિમેન્શિઅને ભૂલવાની બીમારી તરીકે ઓળખવામાં આવે છે. આના અન્ય લક્ષણો પણ હોઇ શકે છે. નવી વાતો યાદ રાખવામાં મુશ્કેલી, કોઇ તર્કન સમજી શકવું, લોકથી મેળજોળ ન કરી શકવું, સામાન્ય કામ કરવામાં પણ તકલીફ અનુભવવી વગેરે જોવા મળે છે.

**Title**: Creating Mindeyetm App for the identify Dementia in early stage

**Source:** Sandesh - Gujarati news paper (City life, Page No: 04)

**Date:** 10/09/2017